અપીલ અરજી નં.૩૯૨ તા.૪–૨–૧૦

અરજદારઃ– શ્રી ધનજીભાઈ એચ. વિરાસ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધનજીભાઈ એચ. વિરાસ ની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી (૧) સૈયદપુરા નવીચાલ વિસ્તારમાં આવેલા જાહેર જાજરૂ માં સાફ સફાઈ તથા પાણીની સુવિધા કરી આપવા બાબત. (૨) સૈયદપુરા નવીચાલ વિસ્તારમાં આવેલા યુ.સી.ડી. કેન્દ્ર માં છેલ્લા એક વર્ષથી વિજ કનેકશન નથી જેની રૂબરૂ તથા લેખિત માં અનેક વખત જણાવ્યા છતાં આજ સુધી ત્યાં વિજળી ની સુવિધા નથી તે બાબત. (૩) સેયદપુરા નવીચાલ વિસ્તારમાં આવેલા યુ.સી.ડી. કેન્દ્ર માટે છેલ્લા એક વર્ષમાં થયેલા પત્રવ્યવહારો તથા કોર્ટેની દરેક તારીખો તથા કોર્ટે મંગાવેલ દરેક દસ્તાવેજ તથા પત્રો તથા આપશ્રીએ કોર્ટમાં રજુ કરેલ તમામ દસ્તાવેજ પત્રો અને અભિપ્રાયો ની નકલ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૨/૨૦૦૯–૧૦

શ્રી ધનજીભાઈ એચ. વિરાસ ની તા.૧૦–૧૨–૦૯ ની અરજી બાબતે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ.૧૪૯૬ તા.૨૮–૧–૧૦ થી આપેલ માહિતી સમયઅવધિમાં નહીં મળેલ તથા માંગ્યા મુજબની માહિતી ન મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૪–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૬ તા.૧૫–૨–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સ ેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળ ેલ નથી.

અરજદારની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જેમાં (૧) સૈયદપુરા નવીચાલ વિસ્તારમાં આવેલા જાહેર જાજરૂ માં સાફ સફાઈ તથા પાણીની સુવિધા કરી આપવા બાબત. (૨) સૈયદપુરા નવીચાલ વિસ્તારમાં આવેલા યુ.સી.ડી. કેન્દ્ર માં છેલ્લા એક વર્ષથી વિજ કનેકશન નથી જેની રૂબરૂ તથા લેખિત માં અનેક વખત જણાવ્યા છતાં આજ સુધી ત્યાં વિજળી ની સુવિધા નથી તે બાબત. (૩) સૈયદપુરા નવીચાલ વિસ્તારમાં આવેલા યુ.સી.ડી. કેન્દ્ર માટે છેલ્લા એક વર્ષમાં થયેલા પત્રવ્યવહારો તથા કોર્ટેની દરેક તારીખો તથા કોર્ટે મંગાવેલ દરેક દસ્તાવેજ તથા પત્રો તથા આપશ્રીએ કોર્ટમાં રજુ કરેલ તમામ દસ્તાવેજ પત્રો અને અભિપ્રાયો ની નકલ ની માહિતી આપવા બાબતેની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધનજીભાઈ એચ. વિરાસ,